જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૭૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૯૭	૨	૧૧૬૯૯	૧૭૮૦૮	૨	૧૭૮૧૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૪૧૨	૨૫	૭૨૪૩૭	૭૩૪૩૮	૨૮	૭૩૪૬૬
કુલ		૮૮૯૫૮	૨૭	૮૮૯૮૫	૯૭૯૨૧	૩૦	૯૭૯૫૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭	૪,૪૧,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩૬	૫,૩૬,૦૦૦/-

નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

મહેસાણા જીલ્લાના લાંધણજ પોલીસ સ્ટેશનના ચકચારી ખુન કેસના વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ તથા હેડ.કોન્સ સફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો. વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો .ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.રવિરાજસિંહ મહીપતસિંહ બ.નં.૫૦૯૭ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૬૫૦૪ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન નાઓને બાતમી હકીકત મળેલ કે " મહેસાણા જીલ્લાના લાંધણજ પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં વોન્ટેડ આરોપી પરવેઝખાન ઉર્ફે રોમીયો મહેબુબખાન પઠાણનો નારોલ સર્કલ એસ.ટી. બસ સ્ટેન્ડની આગળ કોઈ વાહનની રાહ જોઈ ઉભેલ છે જેણે શરીરે સફેદ કલરનુ ટોપી વાળુ ગોળ ગળાનુ ટી શર્ટ તથા સફેદ કલરનુ લોઅર પહેરેલ છે " જે બાતમી હકીકતમાં જણાવેલ જગ્યાએ જઈ તપાસ કરતાં આરોપી પરવેઝખાન ઉર્ફે મુસ્તુફાખાન ઉર્ફે રોમીયો મહેબુબખાન જાતે પઠાણ ઉ.વ.૨૫ રહે.ગામ મંડાલી બુખારી ચોક પાસે તા-જી-મહેસાણાવાળો મળી આવેલ જેની અત્રેની હાજરી બાબતે પુછપરછ કરી તપાસ કરતા આજથી ચારેક દિવસ અગાઉ તેણે તથા તેના પિતા મહેબુબખાન પઠાણ તથા મિત્ર સરફરાજખાન ઉર્ફે સફા ગુલાબખાન પઠાણ નાઓએ ભેગા મળી જુનેદખાન ઉર્ફે પોલીસ નામના વ્યક્તિનુ ખુન કરી તેની લાશને લઈ જઈ કેનાલમાં નાખી દિધેલ હોવાથી તેના ઘરેથી બોમ્બે જવા માટે નીકળેલાની કબુલાત કરેલ હોય અને સદરી આરોપી લાંધણજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૩૮૨૧૦૭૪૦/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૦૨ તથા જીપી એકટ કલમ ૧૩૫ મુજબના ગુનામાં વોન્ટેડ હોવાથી ડીટેઈન કરી લાંધણજ પોલીસ સ્ટેશન મર્ડરના ગુનામાં સોંપવાની તજવીજ કરી ચકચારી ખુનના ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



ઇસનપુર પોલીસ સ્ટેશન :

મારામારીના ગુનામા નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.હે.કો મો.ઇદરીશ મહેબુબમીયા તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ નાઓને મળેલ બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૧૯૦૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામા છેલ્લા ચાર મહીનાથી નાસતા ફરતા આરોપી નારાયણ ઉર્ફે ગોપી ટીકારામ રાજપુત રહે,મ.નં ૨ એકતાનગર ભારતનગર નારોલ અમદાવાદ શહેરનાનેનાને તા.૧૨/૧૦/૨૦૨૧ ના કલાક ૧૨/૦૦ વાગે નારોલ સર્કલ ખાતેથી પકડી પાડી ગુનામા અટક કરવામા આવેલ છે તા.૧૩/૧૦/૨૦૨૧

મોબાઇલ સ્નેચીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

મોબાઇલ ફોન સ્નેચીંગ કરતા એક આરોપી તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-તથા બે મો.સા કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- ની મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મોબાઇલ સ્નેચીંગના ગુના શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા શાહઆલમ ચોકીદાર બાવાની દરગાહ પાસેથી અ.હે.કો પ્રભાતસિહ દેવુભા તથા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ તથા લોકરક્ષક મનદિપસિહ નરવીનસિહ નાઓની સયુક્ત બાતમીથી તા ૧૦/૧૦/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે આરોપી (૦૧) વિજય ઉર્ફે ચીનો સ/ઓ નટવરભાઇ જકશીભાઇ દેવીપુજક ઉ.વ-૨૧ રહે,ધીરજ હાઉસિંગ સેવન્ડે સ્કુલની બાજુમા રાજ કોમ્પલેક્ષ ની સામે ખોખરા અમદાવાદ શહેર તથા (૦૨) કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને પકડી પાડી તેઓની પાસેથી (૧) એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી એ-૨૧-એસ મોડલનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર ૩૫૨૯૦૧૮૭૩૨૩૮૯૫૩ તથા ૩૫૩૫૧૪૯૧૩૨૩૮૯૫૫ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-તથા (૨) એક બ્લ્યુ કલરનો રેડમી કંપનીનો એસ-૭ મોડલનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર ૮૬૫૨૩૦૦૪૬૬૦૦૨૫૭ તથા ૮૬૫૨૩૦૦૪૬૬૦૦૨૭૩ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા (૩) એક કાળા કલરનો સેમસંગ ગેલેક્ષી એસ-૧૦ મોડલનો મોબાઇલ ફોન આઇ.એમ.ઇ.આઇ નંબર ૩૫૨૩૪૧૧૦૫૨૦૯૦૫૨ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા (૪) એક કાળા કલરની સ્પ્લેન્ડર પ્લસ મો.સા નંબર જી.જે-૨૭-ડી.એલ-૪૮૬૩ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-તથા (૫) એક સિલ્વર કલરનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા નં જી.જે-૨૭ સી.બી-૨૯૭૧ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી નીચે મુજબના ગુનાઓ શોધી કાઢેલ છે.તા.૧૨/૧૦/૨૦૨૧

(૦૧) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૩૫૩૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪

(૦૨) મણીનગર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૨૨૧૧૭૭૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪

(૦૩) રેડમી કંપનીનો એસ-૭ મોડલનો મોબાઇલ ફોન IMEI નંબર ૮૬૫૨૩૦૦૪૬૬૦૦૨૫૭ તથા ૮૬૫૨૩૦૦૪૬૬૦૦૨૭૩ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- નો દોઢેક મહીના પહેલા નારોલ બ્રીજ ઉતરતા કોઝી હોટલ તરફથી સ્નેચીંગ કરેલ હોવાની કબુલાત કરેલી

નોંધ:- આરોપી વિજય ઉર્ફે ચીનો સ/ઓ નટવરભાઇ જકશીભાઇ દેવીપુજક ઉ.વ-૨૧ રહે,ધીરજ હાઉસિંગ સેવન્ડે સ્કુલની બાજુમા રાજ કોમ્પલેક્ષ ની સામે ખોખરા અમદાવાદ શહેરનાનો અગાઉ ખોખરા પો.સ્ટેશનમા દારૂના કેસમા તથા કાલુપુર પો.સ્ટેશનમા ચોરીના ગુનામા તથા કારંજ પો.સ્ટેશન મા ચોરીના ગુનામા તથા ઇસનપુર પો.સ્ટેશનમા ઇ.પી.કો કલમ ૩૦૭ મુજબના ગુનામા પકડાયેલો છે અને પાસા પણ થયેલી છે.



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

નાકાબંધી દરમ્યાન વાહન ચોરીનો ગુનો શોધી કાઢી એક ઇસમને ઝડપી લેતી સર્વેલન્સ સ્કોડ ટીમ શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી તથા CDR એનાલીસીસ કરી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે ફસ્ટ તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૨/૧૦/૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ. એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોર્ડની ટીમ સાથે પો.સ્ટે. વિસ્તારમાં શાહપુર દરવાજા નાકાબંધી પોઇન્ટ ઉપર વાહનોનું સઘન ચેકીંગ કરતા હતા દરમ્યાન અનાર્મ લોકરક્ષક અક્ષયકુમાર દશરથલાલ બ.નં-૧૨૮૫૬ તથા અ.પો.કો. જીતેશકુમાર રમેશભાઈ બ.નં-૬૫૦૩ નાઓની મળેલ સંયુકત બાતમી હકીકત આધારે મો.સા.નં.GJ-01-UL-0186 નો ચાલક રાજુભાઈ સ/ઓ ભીખાભાઇ હરિજન ઉં.વ.૨૭ ધંધો.મજુરી રહે.મળાવ તળાવ, થલતેજ સિંધુ ભવન, ઔડા ઓરો બિલ્લાની સામે, સોલા, અમદાવાદ શહેર મુળ રહે-ગામ-ઈંદીરા આવાસ દુગારી ડુંગરી, પંચાયત સામે તા.તારાપુર, જી.આણંદ નાઓને મો.સા.ની આર.સી. બુક બાબતે પુછપરછ કરતા સંતોષકારક જવાબ ન આપતા પોકેટકોપ મોબાઇલમાં મો.સા.ના માલીક બાબતે ખરાઇ કરતા મો.સા. ચોરી કરલ હોવાનું જણાતા સદર મો.સા. ચાલકને CRPC કલમ 41-1-D મુજબ અટક કરી મો.સા.નં.GJ-01-UL-0186 જેનો ચેસીસ નં-. MBLHAR07OJ5M02672 તથા એન્જીન નં. HA10AGJ5M03424 નું CRPC કલમ 102 મુજબ કબજે કરી મજકુર આરોપીઓને પકડી પાડી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૧૦/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) શ્રી આર.એચ.વાળા સિનીયર પોલીસ ઇન્સ્પેકટર, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૨) શ્રી કે.એસ.પટેલ સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર, શાહપુર પો.સ્ટે. માર્ગદર્શન અને સુચના
(૩) પો.સ.ઈ. એસ.આર.બલાત સર્વેલંસ સ્કોર્ડ (૪) મ.સ.ઈ રણજીતસિંહ તખતસિંહ (૫) મ.સ.ઈ. ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૬) અ.હેડ.કોંસ જાવેદખાન અખ્તરખાન (૭) પો.કો. જીતેશકુમાર રમેશભાઈ (૮) પો.કો. પ્રીયવદન મનુભાઈ (૯) પો.કો. કિરણસિંહ પ્રવીણસિંહ (૧૦) લોકરક્ષક અક્ષયકુમાર દશરથલાલ (૧૧) પો.કો. જયેશકુમાર જયરામભાઈ (૧૨) લોકરક્ષક વનરાજ ભરતભાઈ (૧૩) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૪) પો.કો. જીગ્નેશ ભવાનભાઈ (૧૫) લોકરક્ષક ઈશ્વરભાઇ માલસુરભાઈ

શોધાયેલ ગુનો :

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૧૧૬૮૪ ઇ.પી.કો. ક.૩૭૯ મુજબ

ગુન્હો કરવાની એમ.ઓ:-

ડુપ્લીકેટ ચાવી વડે વાહનોનું લોક ખોલી ચોરી કરવી

આરોપી :

રાજુભાઈ સ/ઓ ભીખાભાઇ હરિજન ઉં.વ.૨૭ ધંધો.મજુરી રહે.મળાવ તળાવ, થલતેજ સિંધુ ભવન, ઔડા ઓરો બિલ્લાની સામે, સોલા, અમદાવાદ શહેર મુળ રહે-ગામ-ઈંદીરા આવાસ દુગારી, ડુંગરી, તારાપુર પંચાયત સામે, આણંદ



પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ ફસ્ટ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે અક્ષય ઉર્ફે અક્કી પરેશભાઇ સોની ઉ.વ.૨૫ રહે.૧૫૪૮ ગજ્જરનુ ચોકઠું ધનાસુથારની પોળ, કાલુપુર, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરતા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપીને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૫૫૪/૨૦૨૧ તા.૧૩/૧૦/૨૦૨૧ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની તા.૧૩/૧૦/૨૦૨૧ ના રોજ બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ પાલરા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૧૩/૧૦/૨૦૨૧

સારી કામગીરી કરનાર ટીમ :-

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા મ.સ.ઈ રણજીતસિંહ તખતસિંહ તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૨) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫ (૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮ (૪) લોકરક્ષક શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૧૨૫૦

પાસા અટકાયતી :



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૭૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૭૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૭૪/૨૦૨૧**

ઓઢવ : રાજેશકુમાર કૈલાસચંદ્ર શાહ (ઉ.વ.૪૫)(રહે.નુતન શારદાનગર સોસાયટી, ઘનશ્યામ ફાઉન્ડ્રીની સામે, અંબીકાનગર રોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૧૩/૧૦/૨૦૨૧ ના કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સી.એમ.સી. પાસે, શંકર શોપીંગ સેન્ટર ખાતે દુકાન નં.૯-૧૦-૧૧ ના શટર ઉપર લાગેલ ગ્લોસાઈન બોર્ડ તોડી, શટર જાળીની લોખંડની પટ્ટી કાપી, દુકાનના કાચના દરવાજાનુ તાળૂ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન કુલ નંગ-૫૦ કુલ કિંમત રૂપિયા ૧૪,૬૮,૯૩૬/- અને કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૩૮,૯૩૬/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૭૫/૨૦૨૧**

નિકોલ : રાજસ્થાન જી. બાંસવાડા તાલુકો: બડી, ગામ: બડેલિયા ખાતે રહેતા અને મજૂરીકામ માટે હાલમાં નિકોલ ગામ રાંગળી માતાના મંદિર પાછળ વણકરવાસ ખાતે રહેતા મુકેશભાઈ ગોમનાભાઈ મછાર (ઉ.વ.૨૫) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનની છતની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ક્રિપાલસિંહ વજુભા ચલાવે છે.

દાણીલીમડા : સાહીના ઇલીયાસભાઇ મલેક (ઉ.વ.૧૭)(રહે.મધુભાઇની ચાલી, ગેબનશાબાવાની દરગાહ પાસે, ટોરેંટ પાવરની ઓફીસની પાછળ, બહેરામપુરા દાણીલીમડા)એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના પિતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.રાઠવા ચલાવે છે.

નારોલ : મેરૂભાઇ ઇસાજી ભીલ (ઉ.વ.૩૫)(રહે.ભીલવાસ મોની હોટલના ખાંચામા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ દવા પી લેતા શરીરે અસર થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૪/૩૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.